રાજય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની, ફીકસ પગારના અજમાયશી તરીકે થયેલ નિમણૂકો મેળવનારને સરકારી આવાસ ઉપલબ્ધ કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એસીડી/૧૦૨૦૦૬/૧૦૨૭/૧૧૬/(૩૯)/ન.૧
બ્લોકનં૧૪, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૮/૨૦૧૦

વંચાણે લીધા :–

૧. નાણાં વિભાગનું તા.૧૫/૧૧/૨૦૦૨ નું જાહેરનામું ક્રમાંકઃ જીએન/૩૧/ ૩૮/જીસીએસ/ ૦૨૦૦૧/૧૫૯૮/ચ
૨. નાણાંવિભાગનો તા. ૧૬/૨/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/ઝ–૧
૩. તા.૧/૧૦/૯૮ નો સરકારી ઠરાવ ક્રમાંકઃ એસીડી/૧૧૯૭/૧૫૮૭/(૫૮) ન–૧
૪. મા.મ.વિભાગનો તા. ૮/૪/૦૫ નો પત્ર ક્રમાંકઃએએલટી/૧૭૨૭૦૪/ ૩૪૩૯/૨૨૦/આર

આમુખ :–

રાજ્ય સરકારની વિવિધ સેવાઓ / નોકરીઓમાં અનિવાર્ય ન હોય તેવી સીધી ભરતી નાણાં વિભાગના ઉપર વંચાણે લીધેલ તા.૧૬/૨/૦૬ ના ઠરાવથી નિયંત્રિત કરાયેલ છે તે મુજબ રાજય સરકાર ધ્વારા ખાલી પડેલ જગ્યાઓ સામે ગુજરાત જાહેર સેવા આયોગ કે ગૌણ સેવા પસંદગી મંડળ અથવા અન્ય નિયત ભરતી પ્રક્રિયા ધ્વારા નિયત ભરતી પધ્ધતિથી પાંચ વર્ષ માટે ફીકસ પગારથી સહાયક તરીકે નિમણૂક માટેની યોજના કરવામાં આવેલ છે. પાંચ વર્ષ પૂર્ણ થયા પછી નિમણૂક પામેલ ઉમેદવારોને નિયમિત પગારધોરણોમાં નિમણૂક આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવ અન્વયે ફિક્સ પગારના કાયમી કે હંગામી ખાલી જગ્યાઓ સામે અજમાયશી ધોરણે નિમણૂક પામેલ અજમાયશીઓને સરકારી આવાસ ફાળવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :–

રાજય સરકારની વિવિધ વર્ગ–૩ અને વર્ગ–૪ ના સંવર્ગોમાંની ખાલી જગ્યાઓ ઉપર ગુજરાત જાહેર સેવા આયોગ કે ગૌણ સેવા પસંદગી મંડળ મારફતે તેમજ અન્ય માન્ય ભરતી પ્રક્રિયા ધ્વારા નિયત ભરતી પધ્ધતિથી નિયત તંત્ર મારફત સીધી ભરતીની નિમણૂકો પાંચ વર્ષના (૫ વર્ષ) સમયગાળા માટે ફીકસ પગારના અજમાયશી તરીકે જ કરવાનું નાણાં વિભાગના તા. ૧૬/૨/૦૬ ના ઉપર વંચાણે લીધેલ ઠરાવથી નિયત કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવની જોગવાઈઓ તેમજ તેમાં થતા વખતોવખતના સુધારાને આધીન નિમાયેલ ફીકસ પગારના અજમાયશીઓને તેમજ રહેમરાહે નિમણૂક પામેલ સહિતના અજમાયશીઓને સરકારી આવાસ ઉપલબ્ધ કરવાની બાબતે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની શરતોને આધીન સરકારી આવાસની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

શરતો :–

(૧) માર્ગ અને મકાન વિભાગના તા. ૧/૧૦/૯૮ ના ઉપર વંચાણે લીધેલ ઠરાવની જોગવાઈઓ તેમજ ના.વિ.ના ૧૫/૧૧/૦૨ ના જાહેરનામાની જોગવાઈઓ તેમજ તેમાં થયેલ વખતોવખતના સુધારાની જોગવાઈઓ લાગુ પડશે. આમ છતાં આ પ્રકારનીફાળવણી આવાસની ઉપલબ્ધતાને આધીન રહેશે.

(૨) રાજય સરકારના જે વિભાગો / કચેરીઓ ખાતે નિયત ભરતી પધ્ધતિ સિવાય તદ્દન હંગામી ધોરણે /ફિકસ પગારના / કરાર આધારિત / તદર્થ નિમણૂક મેળવેલ હોય નિર્ધારિત સમયગાળા માટે નિમાયેલ અને ભવિષ્યમાં રાજય સરકારમાં તે નિમણૂક નિયમિત થવાને પાત્ર ન હોય તેવી નિમણૂક ધરાવતા અરજદારના કિસ્સામાં આ જોગવાઈઓનો લાભ મળવાપાત્ર નથી.

(૩) ભાડાની બાબતમાં ગુજરાત મુલ્કી સેવા (રહેણાંકના મકાનોમાં વસવાટ) નિયમ–૨૦૦૨, જાહેરનામું તા.૧૫/૧૧/૦૨ માં નિયમ–૧૮ માં જે ભાડાના દર નિર્દિષ્ટ કરેલ છે તે આ કિસ્સામાં લાગુ નહિ પડે પરંતુ માર્ગ અને મકાન વિભાગનાતા.૯/૬/૯૮ ના ઠરાવ ક્રમાંકઃ એસીડી/૧૧૯૭/૧૫૮૭/૫૮/ન–૧ થી નિયત થયેલ ભાડાના દર લાગુ પાડવાના રહેશે તેમજ તેમાં વખતોવખત થતા સુધારા લાગુ પડશે.

(૪) ઉપરોકત વિગતે રાજય સરકારના વિભાગો/ખાતાના વડા/ કચેરીઓ ખાતે અજમાયશી ધોરણે ફીકસ પગારથી કાયમી/હંગામી જગ્યાએ નિમણૂક પામેલ કર્મચારીએ માર્ગ અને મકાન વિભાગના તા.૧/૧૦/૯૮ ના સરકારી ઠરાવ અન્વયે નિયત થયેલ નમુનામાં તેમના વિભાગના/ કચેરીના અભિપ્રાય સહિત અરજી પત્ર સંબંધિત આવાસ ફાળવણી અધિકારીને રજુ કરવાનું રહેશે. આવા અરજીપત્ર સાથે નિમણૂક અધિકારીએ નીચે મુજબનું પ્રમાણપત્ર પણ આપવાનું રહેશે.

" શ્રી ........................................ ની નિમણૂક ............. સંવર્ગની .................... જગ્યા સામે .................... મારફતે નાણાં વિભાગના તા.૧૬/૨/૦૬ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/ ૫૭/ઝ–૧ તેમજ તે અન્વયે વખતોવખતની સુધારેલ જોગવાઈઓને આધીન નિયત ભરતી પધ્ધતિથી અજમાયશી ધોરણે કરવામાં આવેલ છે તે સંબંધિત................ જગ્યાનું પગાર ધોરણ રૂા. .................... છે. (નિમણકના હુકમની નકલ સામેલ છે.) તેમજ સરકારી આવાસની ફાળવણી થતાં, અજમાયશી શ્રી ........................................ ના પગારમાંથી સરકારી આવાસની ભાડાની રકમની કપાત કરી, સંબંિધત કા.ઈ.શ્રીને જમા કરાવવાની સંબંધિત જવાબદારી આ કચેરી સ્વીકારે છે."

(૫) આ પ્રકારે સરકારી આવાસની ફાળવણી જે તે સંવર્ગની. જે જગ્યા સામે અજમાયશી તરીકે નિયુકિત થઈ હોય તે જગ્યાના પગાર ધોરણના લઘુત્તમ પગાર સામે મળવાપાત્ર કક્ષામાં કરવાની રહેશે.

(૬) આવી ફાળવણી માત્ર સગવડ પૂરી પાડવાના હેતુથી કરવામાં આવતી હોઈ, આ બાબતે અજમાયશી ધ્વારા ફાળવણીનો કોઈ હકક કે દાવો કરવાનો રહેશે નહિ અને તે અંગેની બાંહેધરી સંબંધિત કર્મચારીએ સંબંધિત કચેરીના વડા મારફતે સંબંધિત ફાળવણી અધિકારીને આપવાની રહેશે.

(૭) નાણાં વિભાગના તા. ૧૬/૨/૨૦૦૬ ના ઉપર વંચાણે લીધેલ ઠરાવની જોગવાઈઓ અને તેમાં થયેલ વખતોવખતના સુધારાને આધીન ફીકસ પગારના નિમણૂક પામેલ અજમાયશીને જ આવાસ ફાળવણીનો પ્રસ્તુત લાભ મળવાપાત્ર થશે.

(૮) લેટર ઓફ એલોટમેન્ટમાં દર્શાવેલ શરતોને આધીન ફીકસ પગારથી નિમણૂક પામનાર ઉમેદવાર તથા કાર્યપાલક ઈજનેર વચ્ચે <u>**"જરૂરી કરારખત"**</u> કરવાનું રહેશે.

(૯) ઉપરોકત ફિકસ પગારના અજમાયશીની સેવાઓ નિયમિત કરતા હુકમો થાય ત્યારે તેઓ આવાસ ચાલુ રાખવા હકકદાર રહેશે પરંતુ મળવાપાત્ર કક્ષાના આવાસ માટે તેઓએ તેમના મૂળ પગારની અદ્યતન વિગતો સાથે નિયત નમુનામાં સંબંધિત આવાસ ફાળવણી અધિકારીને તેમની કચેરી મારફતે નિયમોનુસાર અરજી કરવાની રહેશે.

(૧૦) સરકારી રહેણાંકના મકાનો ફાળવણીની નીતિમાં ભવિષ્યમાં થતા વખતોવખતના સુધારા પ્રસ્તુત કિસ્સામાં આપોઆપ લાગુ પડશે.

૨. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર સા.વ.વિ.ની તા.૨૯/૬/૦૭ ની અને નાણાં વિભાગની તા. ૩૧/૫/૦૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે તેમજ સરકારશ્રીના તા. ૩/૮/૧૦ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી.એન.શેખ)
ઉપસચિવ (વસવાટ)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ, નકલ રવાના :-

* ૧. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
૨. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર
૩. સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
૪. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય
* ૫. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
* ૬. સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ , ગાંધીનગર.
* ૭. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા , સચિવાલય, ગાંધીનગર.
* ૮. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત વડી અદાલત, અમદાવાદ.
* ૯. સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રિબ્યુનલ, ગાંધીનગર
૧૦. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
૧૨. પે એન્ડ એકાઉન્ટ ઓફીસરશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
૧૩ સચિવાલયના દરેક વિભાગોના અ.મુ.સશ્રીઓ/ અગ્ર સચિવશ્રીઓ/ સચિવશ્રીઓ ,સ.ગાંધીનગર.
૧૪. બધા મુખ્ય ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૫. બધા જ ખાતા/કચેરીના વડાઓ
૧૬. બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ., અ.ઈ.શ્રી, અમદાવાદ (શહેર) મા.મ. વર્તુળ, અમદાવાદ.
૧૭. બધા જિલ્લા કલેકટરશ્રીઓ,
૧૮. બધા અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ/ પંચાયત વર્તુળો.
૧૯. બધા જ કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ./ પંચાયત વિભાગ.
૨૦. મા.મ.વિભાગની સર્વે શાખાઓ.
૨૧. સિલેકટ ફાઈલ-૨૦૧૦

..............................................

* પત્ર ધ્વારા